# ઉજ્જિવન ફાઇનાન્શિયલના IPOનો ભાવ વાજબી, રોકાણ માટે આકર્ષક

**જ્વલિત વ્યાસ**
**મુંબઈ**

## આઈપીઓનું વેલ્યુએશન

- આઈપીઓનો ભાવ પબ્લિક ઇશ્યૂ પછીના પ્રાઇસ-ટુ બુકના ૧.૬૬ ગણો છે, જે આકર્ષક માનવામાં આવે છે.
- ઇક્વિટાસનો આઈપીઓનો ભાવ પ્રાઇસ ટુ બુક વેલ્યુના ૧.૮ ગણો હતો અને શેરનું 30 ટકા પ્રીમિયમ સાથે લિસ્ટિંગ થયું હતું.
- ઉજ્જિવન ભૌગોલિક હાજરીના સંદર્ભમાં સૌથી મોટી માઇક્રોફાઇનાન્સ કંપની છે અને તે ૧૧.૨ ટકા બજારહિસ્સો ધરાવે છે.

**₹885**: કરોડ આઈપીઓનું કદ
**₹207-210**: શેરદીઠ પ્રાઇસ બેન્ડ




**28** એપ્રિલ: ઇશ્યૂ ખૂલશે
**2** મે: ઇશ્યૂ બંધ થશે
**70** શેર: લોટસાઇઝ
**77%**: હાલનું વિદેશી હોલ્ડિંગ
**45%**: IPO બાદ વિદેશી હોલ્ડિંગ

ઇક્વિટાસ બાદ વધુ એક માઇક્રોફાઇનાન્સ કંપની ઉજ્જિવન ફાઇનાન્શિયલ સર્વિસિસ તેનો આઈપીઓ લાવી રહી છે. ઉજ્જિવનને નાની બેન્કનું લાઇસન્સ મળ્યું છે અને કામગીરી શરૂ કરવા માટે તેને વિદેશી રોકાણકારોનું હોલ્ડિંગ ૪૯ ટકાથી નીચે લાવવું જરૂરી છે. તેથી ₹૮૮૦ કરોડમાંથી લગભગ ૯૦ ટકા હિસ્સો કેટલાક વર્તમાન શેરધારકોને એક્ઝિટ આપવા માટે વપરાશે અને બાકીની રકમ ભવિષ્યની મૂડીજરૂરિયાત સંતોષવા માટે ખર્ચાશે. રોકાણકારોએ આઈપીઓ માટે અરજી કરવા વિચારવું જોઈએ કારણ કે આઈપીઓ બહુ આકર્ષક ભાવ ધરાવે છે અને પ્રાઇસ ટુ બુક વેલ્યુના ૧.૬૬ ગણા ભાવે ઇશ્યૂ આવે છે. ઇક્વિટાસે તેના આઈપીઓનો ભાવ પ્રાઇસ ટુ બુક વેલ્યુ કરતા ૧.૮ ગણો રાખ્યો હતો અને તે ૩૦ ટકાના ઉછાળા સાથે લિસ્ટ થયો હતો. ઇક્વિટાસના કેસમાં એફઆઈઆઈ માટે હિસ્સો વધારવા વધુ અવકાશ હતો જેથી લિસ્ટિંગ પર તેને મજબૂતી મળી હતી. આઈપીઓ બાદ એફઆઈઆઈ હોલ્ડિંગ ૩૫ ટકા હતું જેથી હજુ ૧૪ ટકા માટે અવકાશ હતો. ઉજ્જિવનના કિસ્સામાં આઈપીઓ પછી એફઆઈઆઈનું હોલ્ડિંગ ઘટીને ૪૪ ટકા થઈ જશે.

**IPO વોચ**

### બિઝનેસ અને ઉદ્યોગ

ઉજ્જિવન મુખ્યત્વે નાના કદના જામીન મુક્ત ધિરાણના બિઝનેસમાં છે. તે મુખ્યત્વે આર્થિક રીતે સક્રિય મહિલાઓને ધિરાણ આપે છે. તેનું મુખ્ય ધ્યેય જૂથને ધિરાણ આપવાનું છે પરંતુ વ્યક્તિગત લોન પણ આપે છે. તે માઇક્રો અને સ્મોલ એન્ટરપ્રાઇઝને નાણાં પૂરાં પાડે છે. આ ઉપરાંત બજાજ આલયાન્ઝ લાઇફ ઇન્સ્યોરન્સ અને કોટક મહિન્દ્રા લાઇફ ઇન્સ્યોરન્સ સાથે મળીને તે વીમા પ્રોડક્ટ પણ ઓફર કરે છે. ૧૦ કંપનીઓને સ્મોલ બેન્કના લાઇસન્સ મળ્યા છે તેમાંથી એક ઉજ્જિવન છે. તે ચાલુ ક્વાર્ટરથી જ કામગીરી શરૂ કરવાની છે. ઉજ્જિવન ભૌગોલિક હાજરીના સંદર્ભમાં સૌથી મોટી માઇક્રોફાઇનાન્સ કંપની છે.

### નાણાકીય સ્થિતિ અને વેલ્યુએશન

FY11 થી FY15 દરમિયાન તેની આવક 40% CAGR દરે અને ચોખ્ખો નફો 60%ના દરે વધ્યો છે. FY16ના પ્રથમ નવ મહિના માટે તેની આવક અને ચોખ્ખો નફો ₹૭૨૯.૬ કરોડ અને ₹૧૨૨.૩ કરોડ હતો. છેલ્લા કેટલાક વર્ષમાં તેનું નેટ ઇન્ટરેસ્ટ માર્જિન (NIMs) ૧૧.૩ ટકાથી ૧૩.૮ ટકાની રેન્જમાં રહ્યું છે જ્યારે રિટર્ન ઓન એસેટ્સ (આરઓએ) ૨.૫ ટકાથી ૩.૬ ટકાની રેન્જમાં રહ્યો છે. FY16ના પ્રથમ નવ મહિનામાં તેનો ROE વધીને ૧૯.૧ ટકા થયો છે. પ્રથમ નવ મહિનામાં ડેટ ટુ ઇક્વિટી પ્રમાણ ૪.૩ ટકા હતું. સમાન ગાળામાં કુલ NPA ૦.૧૫ ટકા હતો જે બહુ નીચો છે. ઉજ્જિવન તેના બિઝનેસને સોફ્ટ લોન્ચ કરે ત્યાર બાદ NIMs અને રિટર્ન રેશિયો દબાણ હેઠળ આવી શકે છે.